# OLD COMMENCEMANT CERTIFICATE

# ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન

પંડિત દીનદયાલ ઉપાધ્યાય ભવન, ફાયર સ્ટેશનની પાછળ, બીજો માળ, સેક્ટર-૧૭, ગાંધીનગર-૩૮૨૦૧૬
ફોન નંબર–૦૭૯ ૨૩૨ ૨૦૪૪૦, ફેક્સ નંબર–૦૭૯ ૨૩૨ ૨૧૪૧૯
**Email : jtp.gmc8@gmail.com, jtowmpln-gmc-gnr@gujarat.gov.in**


નમૂના - ઘ ( નિયમ - ૧૦ )

## વિકાસ માટે પરવાનગી

માધવ એન્ટરપ્રાઈઝ એ નામની ભાગીદારી પેઢી તેના વતી અને તરફથી તેના વહીવટકર્તા મેહુલકુમાર વેલજીભાઈ ચૌધરી

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ (સન ૧૯૭૬નાં રાષ્ટ્રપતિ અધિનિયમ નં.૨૭) ની કલમ - ૨૯ (૧), ૩૪, ૪૯ (૧) (ખ), ધી ગુજરાત મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ-૧૯૪૯ ની કલમ – ૨૫૩, ૨૫૪ હેઠળ મોજે ગામ:-SUGHAD, તાલુકો:-GANDHINAGAR જીલ્લો:-GANDHINAGAR નગર રચના યોજના નંબર:-T.P-80 (SUGHAD-BHAT) રે.સ.નં./પ્લોટ નંબર-262/P/1 (OLD-111/P), હિસ્સા નં.--, મુળખંડ નં-07, અંતિમખંડ નં-07, સબ પ્લોટ નં.--, ટેનામેન્ટ નં.--, માટે 1059.00 ચો.મી. જમીનમાં તેમની હદમાં નીચે વર્ણન કર્યા પ્રમાણે આ સાથેની શરતોને આધિન વિકાસ પરવાનગી આપવામાં આવે છે.

કામનુ વર્ણન : BLOCK :- A,

| અ.નં. | ફ્લોર | બાંધકામ(બિલ્ટઅપ)નુ ઉપયોગી ક્ષે.(ચો.મી.) | બાંધકામનો ઉપયોગ | એકમની સંખ્યા | રીમાર્ક્સ |
|---|---|---|---|---|---|
| 1 | BASEMENT | 708.80 | PARKING | --- | - PERMI. F.S.I = 1906.20 SQ.MT.<br>- UTI. CHARGEABLE F.S.I = 837.33 SQ.MT.<br>- TOTAL USED F.S.I = 2743.53 SQ.MT. |
| 2 | GR. FLOOR (H.P.) | 335.44 | PARKING | --- | |
| 3 | GR. FLOOR (S.P.) | 228.01 | COMMERCIAL | 06 | |
| 4 | 1ST FLOOR | 424.61 | RESIDENTIAL | 04 | - COMMERCIAL UNITS : 06<br>- RESIDENTIAL UNITS : 28<br>- TOTAL UNITS : 34 |
| 5 | 2ND FLOOR | 424.61 | RESIDENTIAL | 04 | |
| 6 | 3RD FLOOR | 424.61 | RESIDENTIAL | 04 | |
| 7 | 4TH FLOOR | 424.61 | RESIDENTIAL | 04 | |
| 8 | 5TH FLOOR | 424.61 | RESIDENTIAL | 04 | |
| 9 | 6TH FLOOR | 424.61 | RESIDENTIAL | 04 | |
| 10 | 7TH FLOOR | 424.61 | RESIDENTIAL | 04 | |
| 11 | STAIR CABIN | 48.66 | --- | --- | |
| 12 | L.M.R.&O.H.W.T. | 15.77 | --- | --- | |
| | TOTAL | 4308.95 | COMMERCIAL + RESIDENTIAL | 06+28=34 | |

નોંધ :- માન. મ્યુનિસિપલ કમિશનરશ્રીએ મંજુર કર્યા મુજબ

ક્રમાંક :- પી.આર.એમ./GMC/૪૫૪/સુઘડ-૮૦/૦૭/૨૦૨૩/23808

વપરાશ :- રહેણાંક + વાણિજ્ય

તારીખ :- 26/10/2023

**(RESIDENTIAL AFFORDABLE HOUSING)**

જુનિયર ટાઉન પ્લાનર
ગાંધીનગર મહાનગરપાલિકા
ગાંધીનગર

ખાસ શરતો :

(૦૧) આ વિકાસ પરવાનગીથી પ્રવર્તમાન સી.જી.ડી.સી.આર ના વિનિયમ નં.૨૦ મુજબ તેમજ અન્ય લાગુ પડતા કાયદા/નિયમો અન્વયે પરવાનગીઓ મળતી નથી તથા સંબંધીત કચેરીના જરૂરી એન.ઓ.સી.ની શરતો બંધન કર્તા રહેશે.

(૦૨) વિકાસ પરવાનગી મેળવ્યા બાદ સ્થળ ઉપર શરૂ કરતાં પહેલા સાત દિવસ અગાઉ ફોર્મ નં.૨(ડી) નું એનેક્ષર સ્ટ્રક્ચરલ ડ્રોઈંગ્સ, વર્કીંગ ડ્રોઈંગ્સ તથા સોઇલ ઈન્વેસ્ટીગેશન રીપોર્ટસ નિયમોનુસાર રજુ કરવાના રહેશે.

(૦૩) બાંધકામના નીચેના દરેક તબક્કે ફોર્મ નં ૬(એ) થી ૬(ડી)માં દર્શાવ્યા મુજબનું પ્રોગ્રેસ સર્ટીફીકેટ રજુ કરવાનું રહેશે. અને સત્તામંડળ તરફથી પરવાનગી મેળવ્યા બાદ જ આગળના તબક્કાનું બાંધકામ શરૂ કરવાનું રહેશે

અ. પ્લીન્થ અથવા ભોંયરાનું બાંધકામ હોય તો ભોંયરા ઉપરનો સ્લેબ ભરવામાં આવે તે પહેલા.

બ. પ્રથમ માળનાં બાંધકામ વખતે.

ક. વચ્ચે (મિડલ)ના માળના બાંધકામ વખતે

ડ. છેલ્લા માળનાં બાંધકામ વખતે.

(૦૪) જી.ડી.સી.આરની જોગવાઈ તથા સરકારશ્રીના તા.૨૯-૦૫-૨૦૦૧ના સ્ટ્રકચર સેફ્ટી અંગેના વિનિમય નં.૦૩ અનુસાર બાંધકામ સ્થળની જરૂરિયાતોની જોગવાઈઓનું પાલન થયેથી જ સ્થળ ઉપર બાંધકામ શરુ કરાવવાનું રહેશે.

(૦૫) સેપ્ટીક ટેંક તથા સોકવેલ ની સાઈઝ તથા સંખ્યા નેશનલ બિલ્ડીંગ કોડ (આઈ.એસ.-૨૪૭૦)તથા સિવિલ એન્જીનિયરીંગ હેન્ડબુક બાનાખત મુજબ ડ્રેનેજ લે-આઉટમાં દર્શાવાના રહેશે. તે અનુસારની જોગવાઈ કરવાની જવાબદારી આર્કિટેકટ/ઈજનેર/સ્ટ્રકચરલ એન્જીનિયર/ક્લાર્ક ઓફ વર્કસ/સાઈટ સુપરવાઈઝર/ડેવલપર/જમીન માલિકની રહેશે.

(૦૬) વિકાસ પરવાનગી પત્ર તથા મંજુર થયેલ નકશાઓનો એક સેટ સ્થળે સક્ષમ સત્તાધિકારીશ્રી/અધિકારીશ્રીના સ્થળ તપાસ તથા બાંધકામ ચકાસણી અર્થે ઉપલબ્ધ રાખવાના રહેશે.

(૦૭) બાંધકામ પુર્ણ થયા બાદ બાંધકામનો ઉપયોગ શરૂ કરતા પહેલા નિયમાનુસાર અત્રેથી બાંધકામનાં વપરાશ અંગેનું પ્રમાણપત્ર મેળવ્યા બાદ જ વપરાશ શરુ કરવાનો રહેશે.

(૦૮) સદર જમીનનો બિનખેતીનો ઉપયોગ કરતાં પહેલા લેન્ડ રેવન્યુ કોડની કલમ-૬૫ અન્વયેની સંબંધિત અધિકારીશ્રીની જરૂરી પરવાનગી લેવાની રહેશે તેમજ બિનખેતી કરાવ્યા બાદ અન્ય કાયદા હેઠળ જરૂરી બાંધકામની પરવાનગી સ્થાનિક સંસ્થા પાસેથી મેળવીને બાંધકામ કરવાનું રહેશે. આ સિવાય કરેલ વિકાસ બાંધકામ ગેરકાયદેસર ગણાશે.

(૦૯) ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૨૬ અને ૪૯ અન્વયે સદરહું જમીનમાં બાંધકામ મંજૂર વિકાસ યોજના નગર રચના યોજનાની દરખાસ્તો અને નિયમો મુજબ કરવાનું રહેશે.

(૧૦) બાંધકામ પરવાનગી સર્વે નં/બ્લોક નં. અથવા અંતિમખંડ અગર સબ પ્લોટમાં અરજદારશ્રી જે જમીનમાં કબજેદાર/ માલિક છે તે જમીન પુરતી પરવાનગી આપવામાં આવે છે

(૧૧) આ પરવાનગીના કારણે અરજદારની માલિકી તથા જમીનની હદ વિસ્તાર તથા ક્ષેત્રફળ અંગેની મંજૂરી મળતી નથી. પરંતુ નિયમાનુસાર વિકાસ અંગની મંજુરી મળે છે. તેમજ આ પરવાનગી અધિકૃત સનદ ટીપ્પણ, અંતિમખંડના માપને આધિન રહીને આપેલ ગણાશે.

(૧૨) વિકાસ નક્શામાં અને નગર રચના યોજનામાં જુદા-જુદા વિસ્તારમાં જમીનની અને મકાનના ઉપયોગ વિશે જે ખાસ નિયમો હશે તેની વિરૂધ્ધનો ઉપયોગ કરી શકશે નહિ. તેમજ મંજુર કરવામાં આવેલ વિકાસ પરવાનગી મુજબના નકશાના દરેક ખંડનો જે ઉપયોગ હશે તેથી જુદા ઉપયોગ અગાઉથી મંજુરી લીધા સિવાય કરી શકશે નહિ.

(૧૩) વિકાસ પરવાનગી ગાંધીનગર મહાનગરપાલિકાના પ્રવર્તમાન નિયમો મુજબ આપવામાં આવી છે અને ખાનગી હકકોના નકશાનો અંગે મહાનગરપાલિકાની કોઇ પણ જવાબદારી રહેતી નથી.

(૧૪) વિકાસ પરવાનગી ગાંધીનગર મહાનગરપાલિકાના અધિકારી જોવા માંગે તો તે બતાવવા માલિક બંધાયેલા છે. જો તે નહિ બતાવે તો તે બંધ કરવા હુકમ કરશે અને તે મુજબ કામબંધ કરવાનું રહેશે. તેમજ વિકાસ પરવાનગી સાથે મંજુર કરાયેલ નકશાઓ (લેમીનેટેડ કરાવેલ) એક સેટ નકલ સ્થળ પર રાખવાનો રહેશે તેમજ વિકાસ પરવાનગી નંબર તારીખ તેમજ જમીનની વિગતો દર્શાવતું બોર્ડ પણ સ્થળે પ્રસિધ્ધ કરવાનું રહેશે.

(૧૫) આ વિકાસ પરવાનગી પત્રમંજુર આપ્યા તારીખથી બાર માસ સુધી જ અમલમાં રહેશે. ત્યારબાદ અધિનિયમની કલમ ૩૨ મુજબ વિકાસ પરવાનગીની મુદતવધારવાની પૂર્વ મંજુરી મેળવી લેવાની રહેશે.

(૧૬) સવાલવાળી જમીન લેન્ડ એકવીઝેશન એકટ-૧૮૯૪ મુજબ એક્વાયર કરનારને સદરહુ એકટની કલમ-૪ અન્વયે નોટીફિકેશનની કર્યું હશે તો એકવીઝેશન એકટની કલમ-૨૪(૭) મુજબ જીલ્લા કલેકટરશ્રીની રજા, બાંધકામ શરૂ કરતા પેહેલા લેવાની રહેશે.

(૧૭) વખતો વખત ગાંધીનગર મહાનગરપાલિકા તરફથી તથા સરકારશ્રી તરફથી વિકાસ માટેના જે નિયમો કે સુચનાઓ તથા જાહેરાત કરાય તે બંધનકર્તા રહેશે.

(૧૮) અરજદાર આ ગાંધીનગર મહાનગરપાલિકા તથા સરકારશ્રી વખતો વખત નકકી કરે તે મુજબના ડેવલોપમેન્ટ ચાર્જિસ તથા અન્ય ચાર્જિસ ડીપોઝીટ તેમજ ફી ભરવા જવાબદાર રહેશે.

(૧૯) ઉપર જણાવેલ શરતોનો ભંગ કરવા બદલ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ ધારો-૧૯૭૬ ની કલમ-૨૯/૫, ૩૫, ૩૬, ૩૭, ૪૯/૧ અને ૯૮ વિગેરેની જોગવાઇ મુજબ દંડ તથા શિક્ષાને પાત્ર રહેશે.

(૨૦) જો પ્રશ્નવાળી જમીન ઉપર બોજો હશે તો ધિરાણ કરનાર સંસ્થાના કારણો તેમને બંધનકર્તા રહેશે.

(૨૧) ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટ-૧૯૭૬ સિવાયના બીજા પ્રવર્તમાન કાયદાઓ હેઠળ લેવા પાત્ર મંજુરીઓને આધિન રહીને વિકાસ પરવાનગી આપવામાં આવે છે.

(૨૨) મંજુર થયેલ પ્લાન મુજબનો વિકાસ શરૂ કરતા પહેલાં સાત (૭) દિવસ અગાઉ નિયમોનુસાર ડીટેઇલ વર્કીંગ ડ્રોઇંગ તથા સ્ટ્રકચરલ ડ્રોઇંગ અત્રે રજુ રાખી તથા તેના આનુષાંગિક રીપોર્ટસ સમયાંતરે અત્રે રજુ કરી તથા તબકકાવાર પ્રગતિની અત્રે નિયત નમુનામાં

જાણ કરી તપાસ કરાવવાની શરતોએ વિકાસ પરવાનગી આપવામાં આવતી હોઇ તેનો ભંગ થયેથી વિકાસ પરવાનગી આપોઆપ રદ થયેલી ગણાશે.

(૨૩) રજૂ થયેલ નકશામાં દર્શાવ્યા મુજબનો વિકાસ કરતાં પહેલા સ્થળે ખાનગી હકકોને નુકશાન ન થાય તેમ યોગ્ય તે અધિકૃત પ્રવેશ રજુ કરેલ કરાર મુજબ મેળવી લેવાનો રહેશે.

(૨૪) ઔધોગિક વાણિજય બાંધકામને લગતા સરકારશ્રીના જુદા-જુદા ખાતાના નિતી નિયમો પણ અરજદારશ્રીને બંધનકર્તા રહેશે તથા તે અન્વયં સંબંધકનું ના-વાંધા પ્રમાણપત્ર મેળવી રજૂ કરવાનું રહેશે.

(૨૫) માર્જીનવાળા ભાગમાં, આંતરિક રસ્તા ઉપર અને કોમન પ્લોટમાં કોઇને અંતરાયરૂપ ન થાય તે રીતે યોગ્ય સ્થળ કુલ જમીનમાં વિસ્તારની ગણત્રી મુજબ કોમ્પ્રિહેન્સિવ સી.જી.ડી.સી.આર-૨૦૧૭ ની જોગવાઇ મુજબ વૃક્ષો વાવવાના તથા ઉછેરવાના તેમજ તે અન્વયે અરજદારશ્રીએ અત્રે આપેલ બાહેધરી મુજબનો અમલ કરવાનો રહેશે.

(૨૬) વરસાદી કુદરતી પાણીના વહેણને, અવરોધ ન થાય અને તેનો યોગ્ય રીતે અને સરળતાથી નિકાલ થાય તેવી જરૂરી વ્યવસ્થા રહેશે.

(૨૭) લે-આઉટ પ્લાનમાં દર્શાવેલ ખુલ્લી જમીનમાં વોટર રીચાર્જીંગ કૂવા અંગેનું આયોજન રજુ કરેલ બાહેધરી મુજબ કરવાનું રહેશે.

(૨૮) માન્ય લેબોરેટરીના સોઇલ ઇન્વેસ્ટીગેશન રીપોર્ટ અન્વયે જમીન પર થનાર વિકાસ કાર્યનો યોગ્યતા અને સલામતીના માપદંડ તથા સુચવેલ ભલામણોના અમલ કરી તેનુ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તે મુજબ બાંધકામની મજબુતાઇ અંગે સ્ટ્રક્ચરલ એન્જીનીયરે નકશા તૈયાર કરવાના રહેશે તથા બાંધકામ કરવાનું રહેશે તથા તેની જાણ સમયાંતરે ગાંધીનગર મહાનગરપાલિકાને કરવાની રહેશે.

(૨૯) મંજુર કરલ આયોજનમાં નિયમ મુજબ સ્થળ રોડ સાઇડ ફ્રન્ટ માર્જીનમાં કચરા પેટી તથા ટપાલ બોક્ષને લગતી સુવિધા આયોજકે કરવાની રહેશે.

(૩૦) રજુ કરેલ આયોજન સંદર્ભે મિલકતની સલામતી માટે ઇન્ડીયન સ્ટાન્ડર્ડ સ્પેશિફીકેશન એન.ઓ.સી નિયમોનુસાર સ્ટ્રકચરલ સ્ટેબીલીટી, ફાયર સેફ્ટી તથા અન્ય બાબતો લક્ષમાં લઈ વિકાસ કાર્ય/બાંધકામ કરવાનું રહેશે તથા તે અંગે જરૂરી સક્ષમ અધિકારી/વિભાગ તરફથી "ના વાંધા પ્રમાણપત્ર" મેળવી અત્રે રજુ કરવાનું રહેશે તથા તે અંગેની સંપૂર્ણ જવાબદારી અરજદાર/ડેવલોપરશ્રીની રહેશે.

(૩૧) રજુ કરેલ લે-આઉટમાં દર્શાવેલ કોમન પ્લોટ માલિક બિન તબદીલ તથા અવિભાજય સત્તા પ્રકારની રહેશે. તેમજ સદર લે-આઉટના મંજુર કરેલ તમામ પ્લોટ/ટેનામેન્ટના વખતો-વખતના માલિકોનો પણ વહેંચાયેલ સમાન હિસ્સો રહેશે.

(૩૨) સવાલવાળી જમીનમાં લો-કોસ્ટ ટાઇપ હાઉસનું આયોજન હોય, નિયમોનુસાર કો. ઓપરેટી હાઉસીંગ સોસાયટીનું રજીસ્ટ્રેશન કરાવીને તેના જરૂરી પુરાવા મંજૂરી હુકમ તારીખથી છ (૬) માસમાં અત્રે રજુ કરવાના રહેશે.

(૩૩) લે-આઉટમાં દર્શાવેલ ઓપન સ્પેસ બાંધકામ નિયંત્રણ રેખા તથા કોમન પ્લોટની ખુલ્લી જમીનમાં કોઇપણ પ્રકારની બાંધકામ/વિકાસ કાર્ય કરવાનું રહેશે નહિ.

(૩૪) મંજુર કરેલ આયોજનમાં નિયમોનુસાર સોસાયટીની ખુલ્લી જમીનમાં ઇલેકટ્રીકલ ટ્રાન્સફોર્મર માટેની જમીન અલગથી ફાળવી જે તે સુવિધા આયોજકે કરવાની રહેશે.

(૩૫) ફ્રન્ટ તથા રિઅર માર્જીનના લેવલમાં ગ્રાઉન્ડ લેવલના સાપેક્ષમાં કોઈ ફેરફાર કરવામાં આવે તો તે ફેરફાર માટે સ્લોપ/રેમ્પની વ્યવસ્થા પ્લોટ બાઉન્ડ્રીની હદરેખામાં જ કરવાની રહેશે.

(૩૬) ચીફ ફાયર ઓફિસરશ્રીના અભિપ્રાય સ્થળ પર ફાયર સેફટી અંગેની જોગવાઇ કરવાની રહેશે. તેમજ મેળવેલ વિકાસ પરવાનગી મુજબ સ્થળે બાંધકામ પૂર્ણ કરી ફાયર સેફટી અંગેની જોગવાઇ કરી ચીફ ફાયર ઓફિસરશ્રીનું "ના-વાંધા પ્રમાણપત્ર" તેમજ અત્રેથી વપરાશનું પ્રમાણપત્ર મેળવ્યા બાદ બાંધકામનો ઉપયોગ કરી શકાશે.

(૩૭) નેશનલ બિલ્ડીંગ કોડની જોગવાઇઓનું ચુસ્તપણે એન્જીનીયરશ્રી/સ્ટ્રકચરલ એન્જીનીયરશ્રી/ડેવલોપરશ્રીએ ચુસ્તપણે અમલ કરી બાંધકામ કરવાનું રહેશે તથા રજુ કરેલ એફીડેવીટનું ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૩૮) મેળવેલ વિકાસ પરવાનગી મુજબની લીફ્ટ તથા ફાયર લીફટનું આયોજન કર્યા બાદ ચીફ લીફટ ઇન્સ્પેકટરશ્રીનું પ્રમાણપત્ર મેળવ્યા બાદ લીફ્ટ નો ઉપયોગ કરવાનો રહેશે.

(૩૯) નેશનલ બિલ્ડીંગ કોડના ઉપલક્ષમાં ફાયર ફાઈટીગ પ્રોવિઝન, અન્ડર ગ્રાઉન્ડ ટાંકીની જોગવાઇ વિગેરેની સંબંધક ખાતાની એન.ઓ.સી મેળવી લેવાની રહેશે.

(૪૦) લીફ્ટ/દાદર/પેસેજ/કોરીડોર વિગેરે માટે તથા ઇન્ટરનલ ફાયર હાઈફ્ન્ટ માટેની લાઇટીંગની/ ઇલેકટ્રીક સર્કીટની અલાયદી વ્યવસ્થા જે તે સંબંધક ખાતાનું "ના-વાંધા પ્રમાણપત્ર" મેળવી આયોજક કરવાની રહેશે.

(૪૧) સદર જમીનમાં બાંધકામ/વિકાસ શરૂ કરતા પહેલા સાઈટ સુપરવાઇઝરનું અત્રેનું જરૂરી રજીસ્ટ્રેશન મેળવી સ્થળે બાંધકામ/વિકાસ કરવાનો રહેશે.

(૪૨) મેળવેલ વિકાસ પરવાનગી મુજબ સ્થળે બાંધકામ શરૂ કરતા પહેલા વર્કીંગ ડાંઇગ સ્ટ્રકચરલ ડોઇંગ કોર્પોરેશનમાં રજુ કરવાના રહેશે તથા સી.જી.ડી.સી.આર-૨૦૧૭ ની જોગવાઇ મુજબ દરેક બાંધકામનો તબકકાવાર પ્રગતિ એહવાલ સત્તામંડળમાં રજુ કરવાનો રહેશે. બાંધકામની સ્ટ્રકચરલ સ્ટેબીલીટી જળવાઇ રહે તે મુજબ બાંધકામ કરવાની સમગ્ર જવાબદારી એન્જીનીયરશ્રી/સ્ટ્રકચરલ એન્જીનીયરશ્રી/ડેવલોપરશ્રીની રહેશે.

(૪૩) ડ્રાફ્ટ સ્કીમ મુજબના અંતિમખંડ નં...ની જમીનમાં મળતી અન્ય માલિકીની જમીનમાં સરકારશ્રી દ્વારા નગર રચના યોજના મંજૂર થયા બાદ કાયદાકીય રીતે કબજો મેળવ્યા બાદ સદર જમીનમાં અત્રેની કચેરીની જાણ હેઠળ બાંધકામ કરવાનું રહેશે.

(૪૪) નગર રચના યોજનાને સરકારશ્રીની મંજૂરી મળ્યેથી નિયમાનુસાર નગર રચના અધિકારીશ્રી દ્વારા તેને અંતિમ કરતા લે-આઉટ પ્લાન ઉપર દર્શાવેલ અંતિમખંડની હદો/ક્ષેત્રફળ કે અન્ય દરખાસ્તો ફેરફારને પાત્ર હોઇ યોજના અંતિમ થતા નગર રચના અધિકારીશ્રી દ્વારા લીધેલ નિર્ણય બંધનકર્તા રહેશે.

(૪૫) પ્રશ્ન હેઠળની જમીનનો નગર રચના યોજના અંગેની બેટરમેન્ટ ચાર્જ કોર્પોરેશન દ્વારા જણાવ્યેથી સત્વરે ભરપાઇ કરવાનો રહેશે તથા મંજુર લે-આઉટના સબપ્લોટસ/ફ્લેટસ જે તે ઇસમ કે સંસ્થાને ભાડે યા વેચાણ આપતી વખતે તેની ભાડાખત/વેચાણ દસ્તાવેજમાં ઉલ્લેખ કરવાનો રહેશે.

(૪૬) સવાલવાળી જમીનના નગર રચના યોજના મુળખંડમાંથી કપાત થતી જમીનના કબજાબાબતે આપેલ બાહેધરી મુજબનો અમલ કરવાનો રહેશે.

(૪૭) નગર રચના યોજના અન્વયે અન્યની માલિકીની જમીનમાં ફાળેલ અંતિમખંડની જમીન અન્વયે અરજદારશ્રીએ જે તે સંબંધિત જમીન માલિક/કબજેદારોની સંમતિ મેળવી તેના કાયદાકીય જોગવાઇ અનુસાર પ્રત્યક્ષ કબજો કાયદાકીય રીતે મેળવી સવાલવાળી જમીનમાં વિકાસ કામ/બાધકામ કરવાનું રહેશે.

(૪૮) મકાન અને અન્ય બાધકામ શ્રમયોગીઓ (રોજગારીનું નિયમન અને નોકરીની શરતો) અધિનિયમ-૧૯૯૬ (the BOCW Act,1996) હેઠળ દરેક માલીકે બાંધકામ પ્રવૃતિ શરૂ થવાના (૩૦) દિવસ પહેલા સદર કાયદા હેઠળના નિયત નમુના-૪માં નોટીસ મોકલી જાણ કરવી તેમજ કામકાજ શરૂ કર્યાના ૬૦ દિવસમાં જરૂરી સાઇટની નોંધણી નાયબ નિયામક, ઔધોગિક સલામતી અને

સ્વાસ્થ્યની કચેરી, સી-બ્લોક, ૫મો માળ, સહયોગ સંકુલ પથિકા આશ્રમ પાસે, સેકટર નં.૧૧, ગાંધીનગર ખાતે (www.ifp.gujarat.gov.in)કરાવી તે અંગેનું પ્રમાણપત્ર મેળવી ઉકત કચેરી ખાતે રજુ કરવાનું રહેશે.

(૪૯) ભોંયરાનું ખોદાણ/ બાંધકામ કરતી વખતે કોઈ સ્પેશીયલ (ખાસ) પ્રકારનું જોખમ જણાય તો સાવચેતીનાં પગલા ભરવાના રહેશે તથા કઈ પણ પ્રકારનો અકસ્માત સર્જાય તો તેની સંપૂર્ણ જવાબદારી અરજદારશ્રીની રહેશે.

(૫૦) કેન્દ્રિય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ ધ્વારા કરવામાં આવેલ હુકમ મુજબ ૨૦,૦૦૦ ચો.મી. થી વધુ બાંધકામ ક્ષેત્રફળ ધરાવતા કન્સ્ટ્રક્શન પ્રોજેક્ટોએ ડીમોલીશન દરમ્યાન ઉત્પન્ન થતા C & D વેસ્ટ તેમજ ડસ્ટના નિયંત્રણ માટે કન્સ્ટ્રક્શન સાઈટ પર એન્ટી સ્મોગ ગનની વ્યવસ્થા પ્રોપરાઈટર (ડેવલોપર/બિલ્ડર) ધ્વારા રાખવાની રહેશે.

(૫૧) કેન્દ્ર સરકારના સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૧૬ મુજબ વપરાશ પરવાનગી મેળવતા પહેલાં સ્થળે સૂકા કચરા તથા ભીના કચરા ને અલગ સ્ટોર કરવા માટેનો સ્થળે આયોજન રાખવાનું રહેશે અને ભોગવટા પ્રમાણપત્ર મેળવ્યા બાદ તે મુજબની અમલવારી થવા અંગેની બાંહેધરી પણ પ્રોપરાઈટર (ડેવલોપર/બિલ્ડર) ધ્વારા આપવાની રહેશે.

(૫૨) અન્ડર ગ્રાઉન્ડ ડ્રેનેજ કનેક્શનની વ્યવસ્થા ના હોય તે કિસ્સામાં સ્થળે ડ્રેનેજની યોગ્ય વ્યવસ્થા માટે C.G.D.C.R ની કલમ ૧૩.૧૦.૧ મુજબ I.S 2470/NBC મુજબ સેપ્ટિક ટેંક/સીપેજ પિટ/સોક વેલના આયોજન અચૂક રાખવાનું રહેશે તથા અત્રેની કચેરી ને તે મુજબની વર્તવા અંગેની બાંહેધરી, સૂચિત આયોજન દર્શાવતા અરજદારશ્રી/એન્જીનીયરશ્રી ના સહિ-સિક્કા સહિત અધિકૃત નકશો પણ અત્રેની કચેરીએ રજૂ કરવાનો રહેશે.

(૫૩) સ્થળે ગ્રાઉન્ડ લેવલ પર પ્રવેશ વિરોધ પાર્કિંગ તથા અન્ય ભાગોમાં સી.જી.ડી.સી.આર ની જોગવાઈ કલમ ૧૩.૧.૨, ૧૩.૧.૪ તથા ૧૩.૧.૬ મુજબ એક્સેસીબીલીટી ધ્યાને રાખી તથા નિયમોનુસાર ફ્રન્ટ માર્જીનનું પાર્કિંગ કોઈ પણ પ્રકારના લેન્ડસ્કેપીંગ બાદ જળવાઈ રહે તે મુજબ બાંધકામ કરવાનું રહેશે.

(૫૪) ચાલુ બાંધકામની સાઈટ ઉપર રજાચિઠ્ઠીમાં જણાવેલ શરત મુજબ પ્લોટની હદે સલામતી હેતુસર Barricade (પતરાની વાડ), ઉપરાંત પુળ રજકણોનો પ્રસાર અટકાવવા માટે બાંધકામની ઊંચાઈના સાપેલમાં પર્યાપ્ત ઊંચાઇ સુધીના પડદા વિન્ડશિલ્ડ બેરીકેટીંગની વ્યવસ્થા કરાવવાની રહેશે.

(૫૫) બાંધકામ કામગીરી સાથે સંકળાયેલા મજુરો માટે સેનીટેશન વ્યવસ્થા હંગામી આવાસો રાંધણ- ગેસ(એલ.પી.જી) ની વ્યવસ્થા કરાવવાની રહેશે તથા કીચનવેસ્ટ વિગેરેનો યોગ્ય નિકાલ થાય તે મુજબનું આયોજન કરાવવાનું રહેશે.

(૫૬) બેઝમેન્ટના ખોદાણકામ બાંધકામ દરમ્યાન સલામતીને ધ્યાને લઇ પોગ્ય રીતે Shoring Shuttering વિગેરે સ્થળસ્થિતિ અનુસંધાને જરૂરીયાત મુજબની કાર્યવાહી કરાવવામાં આવે તેની તકેદારી રાખવાની રહેશે.

(૫૭) Construction debrics (કાટમાળ), C&D wasteનો નિકાલ Designated collection Centreમાં જ કરાવવામાં આવે, તે સુનિશ્ચિત કરાવવાનું રહેશે.

(૫૮) Excavated Earth Topsilની ઉપયોગ મહદ્અંશે પ્લોટમાં Garden, Horticulture, landscape)માં થાય તે સુનિશ્ચિત કરાવવાનું રહેશે.

(૫૯) બિલ્ડીંગ મટીરીયલ્સ કે અન્ય માલસામાન કાટમાળ વિગેરે પ્લોટની બહાર કે રસ્તા પકીની જગ્યા ઉપર મૂકવામાં આવે નહિ તેની તકેદારી રાખવાની રહેશે.

(૬૦) ચાલુ બાંધકામની સાઈટ ઉપર ઈમારતી માલસામાન કાટમાળના કારણે ધુળ રજકણો ઉડે નહી તે માટે સાઇટ તથા લુઝ મટીરીયલ યોગ્ય કપડા ઢાંકી શકાય તેવા મટીરીયલ્સ વડે વ્યવસ્થિત ઢાંકેલ રાખવાના રહેશે.

(૬૧) વાતાવરણમાં ભળી નુકશાન કરતા ડસ્ટ લુઝ મટીરીયલ્સના ઉડતા રજકણો વાળી જગ્યામાં પાણીનો છંટકાવ કરી યોગ્ય રીતે ઢાંકીને(Cover કરીને) રાખવાની વ્યવસ્થા કરાવવામાં આવે તે સુનિશ્ચત કરાવવાનુ રહેશે.

(૬૨) ચાલુ બાંધકામની સાઈટ ઉપર આંતરિક અવર-જવર માટેનાં રસ્તાઓ યોગ્ય પેવીંગ કરેલા હોય તે સુનિશ્ચિત કરાવવાનું રહેશે.

(૬૩) ખોદાણ ચાલુ હોય તેવી સાઈટો ઉપર તથા ટ્રાન્સપોર્ટેશન દરમ્યાન ટ્રક વ્હીકલના ટાયરોમાં ચોંટેલ કિચડ, માટીના કારણે રસ્તા પર કિચડ, માટીના પથરાવને કારણે ન્યુશન્સ અસ્વચ્છતા થાય નહિ તે માટેનું ખાસ ધ્યાન રાખીને યોગ્ય જોગવાઈ કરાવવાની રહેશે.

(૬૪) જાહેર રસ્તા પરથી બાંધકામની સાઇટ પર આવન જાવન અન્વયેના બાંધકામની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ ડમ્પરો ભારખટારા સાધનો વાહનો વિગેરેના ટાયર પૈડાના ધોવાની સફાઇની પુરતી વ્યવસ્થા સ્થળે કરાવવી, તથા આવા વાહનોને કારણે મ્યુનિસિપલ રસ્તા તથા ફુટપાથ વિગેરે મ્યુનિસિપલ મિલકતને નુકશાન થાય નહી તેની તકેદારી રાખવાની રહેશે.

(૬૫) વિકાસ પરવાનગી પત્રમાં દર્શાવેલ શરતોમાંથી કોઈપણ શરતોનો ભંગ કરવામાં આવશે તો ગાંધીનગર મહાનગરપાલિકા તે શરતોનો અમલ જવાબદાર ઇસમોના/સંસ્થાના ખર્ચે અને જોખમે કરાવી શકાશે અને ગાંધીનગર મહાનગરપાલિકાના તેવા કૃત્યને લીધે જે નુકશાન/ખોટ કે હરકત થાય તેબદલ કોઈપણ વળતર કે બદલો મળશે નહિ.

(૬૬) ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલોપમેન્ટ એક્ટ-૧૯૭૬ સિવાયના બીજા પ્રવર્તમાન કાયદાઓ હેઠળ લેવા પાત્ર મંજુરીઓને આધિન રહીને વિકાસ પરવાનગી આપવામાં આવે છે.

(૬૭) આ પરવાનગીના કારણે અરજદારને માલિકી જમીનની હદ તથા જમીનના વિસ્તાર/ક્ષેત્રફળ અંગેની મંજૂરી મળતી નથી.પરંતુ બાંધકામ અંગેની મંજુરીઆપવામાં આવે છે.

(૬૮) લે-આઉટમાં દર્શાવેલ ઓપન સ્પેસ, બાંધકામ નિયંત્રણ રેખા તથા કોમન પ્લોટની ખુલ્લી જમીનમાં કોઇપણ પ્રકારની બાંધકામ/વિકાસ કાર્ય કરવાનું રહેશે નહી.

(૬૯) લીફ્ટ/દાદરા/પેસેઝ/કોરીડોર વિગેરે માટે તથા ઈન્ટરનલ ફાયર હાઈફન્ટ માટેની લાઈટીંગની/ઈલેક્ટ્રીકલ સર્કીટની અલાયદી વ્યવસ્થા જે તે સંબંધક ખાતાનું 'ના-વાંધા પ્રમાણપત્ર' મેળવી આયોજકે કરવાની રહેશે.

(૭૦) સવાલવાળી જમીનમાં નગર રચના યોજનાના મુળખંડ ની કપાત થતી જમીનના કબજા બાબતે આપેલ બાંહેધરી મુજબનો અમલ કરવાનો રહેશે.

(૭૧) વિકાસ નકશામાં અને નગર રચના યોજનામાં જુદા જુદા વિસ્તારમાં જમીનનો અને મકાનના ઉપયોગ વિશે જે ખાસ નિયમો હશે તેની વિરુધ્ધનો ઉપયોગ કરી શકશે નહી.

(૭૨) આ વિકાસ પરવાનગીથી ખાનગી હકો અંગે ગાંધીનગર મહાનગરપાલિકાની કોઈપણ જવાબદારી રહેતી નથી.

(૭૩) બિલ્ડીંગ કન્સ્ટ્રક્શન સમયે આજુબાજુની માલ-મિલકત કે જાન-માલનું નુકશાન ન થાય તે રિતે બેઝમેન્ટ ખોદકામ વખતે પુરક શોરીંગ તથા સ્ટ્રટીંગ કરવાનું રહેશે.

(૭૪) મુસદ્દારૂપ નગર રચના યોજનામાં ફાળવવામાં આવેલ અંતિમ ખંડની હદ, માપ, ક્ષેત્રફળ, તથા ફાળવણી ટાઉન પ્લાનીંગ ઓફિસર દ્વારા ફેરફારને પાત્ર છે.

(૭૫) લે-આઉટ માં દર્શાવેલ તમામ આંતરીક રસ્તાઓ પાકા કરવાના રહેશે.

(૭૬) વખતો વખત ગાંધીનગર મહાનગરપાલિકા તરફથી વિકાસ માટેના જે નિયમો તથા જાહેરાત કરાય તે જમીન માલિક, હિતસંબંધ ધરાવતી વ્યક્તિ, સંસ્થા તેમજ અરજદારશ્રી ને બંધનકર્તા રહેશે.

(૭૭) સદર વિકાસ પરવાનગી અન્વયે જમીન માલિકીમાં ફેરફાર થાય અથવા આ પરવાનગી સાથે સંકળાયેલા રજીસ્ટ્રેશન ધરાવતી કોઇ વ્યક્તિ બદલાય તો નવાજમીન માલિકી અંગેના પુરાવા રજુ કરે ત્યાં સુધી તથા રજીસ્ટ્રેશન ધરાવતી નવી વ્યક્તિની નિમણુંક ન થાય ત્યાં સુધી જી.ડી.સી.આર. ના વિનિમય મુજબ વિકાસ પરવાનગી નિલંબીત ગણાશે. સદરહું દરમ્યાન થયેલ બાંધકામ બિનઅધિકૃત ગણાશે.

(૭૮) સરકારશ્રીના તા.૨૯/૦૫/૨૦૦૧ ના સ્ટ્રકચરલ સેફ્ટી અંગેના એનેક્ષરના વિનયમ ૧૩.૧૪૩.૧૫ની જોગવાઇ અનુસાર ભુકંપ અંગેની સુરક્ષા, ચક્રવાત અંગેનીસુરક્ષા, બાંધકામ તથા બાંધકામમાંવપરાતા ઈમારતી માલ સામાનની ગુણવત્તા અને ચકાસણી, બાંધકામની સ્થિરતા તથા આગ અંગેની સલામતી તેમજ અન્ય ભયજનક બાબતો અંગે નિષ્ણાતોની સલાહ સુચનો મુજબ પગલાં તમામ જવાબદારી આર્કીટેક/ઈજનેર/સ્ટ્રકચરલ-એન્જીનીયર / કલાર્ક ઓફવર્કસ / સુપરવાઈઝર / ડેવલપર / જમીન માલિકની રહેશે.

(૭૯) ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૩૩ મુજબ વિકાસ યોજનામાં જો કોઈ ફેરફાર થાય તો ગાંધીનગર મહાનગરપાલિકા આપેલ વિકાસ પરવાનગીમાં ફેરફાર કરી શકાશે અથવા વિકાસ પરવાનગી રદ કરી શકાશે.

(૮૦) રીયલ એસ્ટેટ (રેગ્યુલાઈઝેશન એન્ડ ડેવલપમેન્ટ) એકટ,૨૦૧૬ની કલમ-૩ની જોગવાઈ મુજબ, રાજયમાં કોઈપણ વિકાસકાર (પ્રમોટર) રીયલ એસ્ટેટ પ્રોજેકટ જેવા કે, પ્લોટ, એપાર્ટમેન્ટ અથવા બિલ્ડીંગ અથવા તેના ભાગના વેચાણ માટે જાહેરાત, માર્કેટીંગ, બુકીંગ અથવા ઓફર માટેની કાર્યવાહી રાજ્ય સરકાર દ્વારા રચાયેલ રીયલ એસ્ટેટ રેગ્યુલેશન ઓથોરીટી(રેરા) ની કચેરીમાં રજીસ્ટ્રેશન કરાવ્યા સિવાય કરી શકાશે નહી.

(૮૧) સુચીત આર્કીટેકચરલ પ્રોજેકશનલ અન્વયે સ્થળે હયાત બાંધકામે સી.જી.ડી.સી.આર. ના પાર્ટ-૨ ના કલોઝ ૬.૭.૩(૧૩) નું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮૨) સી.જી.ડી.સી.આર. ના પાર્ટ-૩ ના કલોઝ નં.૧૩ મુજબ પ્લાનમાં સુચેલ ટુ-વ્હિલર તેમજ ફોર-વ્હિલર પાર્કિંગ સારૂ એકસેસ\એકઝીટની જગ્યા નિયમોનુંસાર સ્થળે જાળવવાની રહેશે.

(૮૩) સદર પ્લોટમાં સ્થળે અપંગ વ્યકિતીઓ માટે સી.જી.ડી.સી.આર. ની જોગવાઈઓ મુજબ પાર્કિંગ તથા ટોઈલેટની વ્યવસ્થા તેમજ તે અન્વયે સી.જી.ડી.સી.આર. ના કલોઝ ૧૩.૭ મુજબ જરૂરી સાઈનેજીનું કાયમી જાળવવાની રહેશે.

(૮૪) સ્થળે ગ્રાઉન્ડ લેવલ પર પ્રવેશ વિરોધ પાર્કિંગ તથા અન્ય ભાગોમાં સી.જી.ડી.સી.આર ની જોગવાઈ કલમ ૧૩.૧.૨, ૧૩.૧.૪ તથા ૧૩.૧.૬ મુજબ એક્સેસીબીલીટી ધ્યાને રાખી તથા નિયમોનુસાર ફ્રન્ટ માર્જીનનું પાર્કિંગ કોઈ પણ પ્રકારના લેન્ડસ્કેપીંગ બાદ જળવાઈ રહે તે મુજબ બાંધકામ કરવાનું રહેશે.

(૮૫) બાંધકામ દરમિયાન આજુબાજુની માલ-મિલ્કત કે સાઈટ પર કામ કરનાર તથા અન્યોને જાન-માલનું નુકશાન ન થાય તે રીતે આયોજનબધ્ધ નિયમાનુસાર સેફ્ટી નેટનો ઉપયોગ કરી કામગીરી કરવાની રહેશે તથા સલામતી અંગેની તકેદારી રાખવાની સંપૂર્ણ જવાબદારી માલીકશ્રીની રહેશે.

(૮૬) બાંધકામ તથા અન્ય બાબતો કોમ્પ્રીહેન્સીવ સામાન્ય વિકાસ નિયંત્રણ નિયમો (સી.જી.ડી.સી.આર) સાથે સુસંગત નહિ હોય કે કોમ્પ્રીહેન્સીવ સામાન્ય વિકાસ નિયંત્રણ નિયમો (સી.જી.ડી.સી.આર) ના વિનીયમ ૨.૬ મુજબ અરજદાર માલિકે ખોટી રજુઆત અથવા ખોટા દસ્તાવેજી પૂરાવા રજુ કરેલ હશે તો આ કમીન્સ્મેન્ટ સર્ટીફીકેટ (રજાચિઠ્ઠી) તથા મંજુર કરેલ પ્લાન આપોઆપ રદ્દ થયેલ ગણાશે.

(૮૭) સેલર/બેઝમેન્ટ માં પાણીનો ભરાવો (Flooding)થાય નહી અને સેલર/બેઝમેન્ટના તમામ લેવલે અસરકારક રીતે પાણી-રહીત (Dry) રહે તે મુજબ કેચ-પીટ(Catch-Pit) સહીત પુરતી ક્ષમતા સાથેનો સમ્પ-પમ્પ(Sump-Pump) કાયમી ધોરણે કરવાનું રહેશે.

(૮૮) બાંધકામ દરમ્યાન તેમજ ત્યાર બાદ સંબંધિત Act. Rules Regulations I.S Code વિગેરેની જોગવાઈઓ તેમજ સક્ષમસત્તા ધ્વારા વખતો-વખત આપવામાં આવતા સૂચનો/ગાઈડ લાઈન/હુકમો નું કાયમી ધોરણે પાલન કરવાનું રહેશે. જે તમામ માલિક/ વપરાશકર્તા ને બંધનકર્તા રહેશે.

(૮૯) સરકારશ્રી દ્વારા મંજુર થયેલ નગર રચના યોજના નં. T.P-80 (SUGHAD-BHAT) ગાંધીનગર મહાનગરપાલિકા" મુજબ કેસરી રંગથી દર્શાવેલ જમીનનો સમાવેશ અન્યની માલીકી જમીનમાં થતો હોઇ સદર નગર રચના યોજના થયે અંતિમખંડ મુજબની અન્યની માલિકીની જમીનનો પ્રત્યક્ષ કબજો જમીન માલિકને મળ્યા બાદ તેની સત્તામંડળની લેખિતમાં જાણ કરી પ્રસ્તુત જમીનમાં બાંધકામ વિકાસ કાર્ય કરી શકાશે.

(૯૦) પ્રશ્ન હેઠળની જમીનનો સમાવેશ સરકારશ્રી/નગર રચના અધિકારીશ્રીની નગર રચના યોજના નં. T.P-80 (SUGHAD-BHAT) ગાંધીનગર મહાનગરપાલિકાના વિસ્તારમાં થતો હોઇ. આ નગર રચના યોજનાના તમામ નિર્ણય બંધનકર્તા રહેશે.

(૯૧) સદર રે.સ.નં-262/P/1(OLD-111/P), મુળખંડ નં.07, અંતિમખંડ નં-07, માં અત્રેથી અપાયેલ રિવાઇઝ વિકાસ પરવાનગીની તારીખે વર્તમાન દરો મુજબ ફિ વસૂલ લીધેલ છે. તેમ છતા ભરેલ ફીમાં શરત ચૂકે કોઈ તફાવત જણાય તો તે ફી ભરપાઈ કરવા અરજદારશ્રી/જમીન માલિકશ્રી/હિત ધરાવતી તમામ વ્યક્તિશ્રીઓ ને બંધનકર્તા રહેશે.

(૯૨) સદરહું નગર રચના- T.P-80 (SUGHAD-BHAT) ના રે.સર્વે નં.- 262/P/1(OLD-111/P), મુળખંડ નં.07, અંતિમખંડ નં-07, માં સરકારશ્રી/નગર રચના અધિકારીશ્રી દ્વારા યોજના પ્રારંભિક/અંતિમ મંજુર કરતી વખતે જે કઈ પણ ફેરફાર સૂચવવામાં આવશે. તે અરજદારશ્રી/જમીન માલિકશ્રી/હિત ધરાવતી તમામ વ્યક્તિશ્રીઓ ને બંધનકર્તા રહેશે.

(૯૩) અગાઉ તા.21/04/2022 ના રોજ કલેક્ટરશ્રી અને જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીની કચેરીના બિનખેતી હુકમમાં નિર્દિષ્ઠ તમામ શરતો બંધનકર્તા રહેશે તથા તમામ શરતોનું પાલન કરવાનું રહેશે.

(૯૪) સદર નકશામાં સૂચવેલ ઉંચાઇ પૈકીની 24.85 મી. ઉંચાઇ સુધીનું બાંધકામ કરવા માટે જ આ પરવાનગી આપવામાં આવે છે.

(૯૫) સદર પ્રકરણે સ્થળે પાર્કિંગની વ્યવસ્થા જળવાય તે માટે એન્ટ્રી પાસે ફ્રન્ટ માર્જીનમાં ટુ વ્હિલર તથા ફોર વ્હિલર પાર્કિંગ માટે જરૂરી સાઈનેજીસ લગાવવાની ખાસ શરતે સદર વિકાસ પરવાનગી આપવામાં આવે છે.

(૯૬) અરજદારશ્રી ધ્વારા રજૂ રાખેલ આયોજને રાખવાના થતાં વિઝીટર પાર્કિંગ ઈન્ટરનલ સાઈટ પર દર્શાવેલ છે, જે અંગે વપરાશ પરવાનગી મેળવતા પહેલા સ્થળે સી.જી.ડી.સી.આર-૨૦૧૭ મુજબ જરૂરી સાઈનેઝ ડાયરેક્શન રાખવાની ખાસ શરતે સદર મંજુરી આપવામાં આવે છે.

(૯૭) સદરહું રે.સર્વેનં-262/P/1(OLD-111/P), મુળખંડ નં.07, અંતિમખંડ નં-07, માં તા.21/04/2022ના બિનખેતી હુકમ/એન.એ. હુકમ અન્વયે ભવિષ્યમાં સરકારશ્રી/કલેક્ટરશ્રી ધ્વારા જે કઈ પણ નિર્ણય લેવામાં અથવા લેવાય તે અરજદારશ્રી/જમીન માલિકશ્રી/હિત ધરાવતી તમામ વ્યક્તિશ્રીઓ ને બંધનકર્તા રહેશે.

(૯૮) વહિક્યુલર લિફ્ટ સુધી જવા માટે ગ્રાઉન્ડ ફ્લોર રેમ્પના પ્રવેશે તથા નિકાસની જગ્યા કાયમી ખુલ્લી રાખવાની રહેશે. તથા તેમાં પ્રવેશ/નિકાસના સાઈનેજ બિ.યુ. મેળવતા પહેલા સ્થળે લગાડવાના રહેશે.

(૯૯) સદર પ્રકરણે પાર્કિંગના વિવિધ સ્થળોએ આયોજન હોઈ તે અંગે ગ્રાઉન્ડ લેવલ પર ફ્રન્ટ માર્જીનમાં જરૂરી સાઈનેજીસ લગાવવાની ખાસ શરતે સદર વિકાસ પરવાનગી આપવામાં આવે છે.

(૧૦૦) ઉપરોકત જણાવેલ કોઇપણ શરતનો ભંગ થશે તો આપેલ વિકાસ પરવાનગી આપો-આપ રદ થયેલી ગણાશે.

નોંધ :- માન. મ્યુનિસિપલ કમિશનરશ્રીએ મંજુર કર્યા મુજબ

ક્રમાંક :- પી.આર.એમ./GMC/૪૫૪/સુધડ-૮૦/૦૭/૨૦૨૩/23808

વપરાશ :- રહેણાંક + વાણિજ્ય

તારીખ :- 26/10/2023

(RESIDENTIAL AFFORDABLE HOUSING)

જુનિયર ટાઉન પ્લાનર
ગાંધીનગર મહાનગરપાલિકા
ગાંધીનગર

# NEW COMMENCEMANT CERTIFICATE

# ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન

પંડિત દીનદયાલ ઉપાધ્યાય ભવન, ફાયર સ્ટેશનની પાછળ, બીજો માળ, સેક્ટર-૧૭, ગાંધીનગર-૩૮૨૦૧૬

ફોન નંબર-૦૭૯ ૨૩૨ ૮૪૧૫૦, ફેક્સ નંબર- ૦૭૯ ૨૩૨ ૨૧૪૧૯

Email : jtp.gmc8@gmail.com, jtowmpln-gmc-gnr@gujarat.gov.in


ક્રમાંક:- પી.આર.એમ./GMC/૪૫૪/સુઘડ-૮૦/૦૭/૨૦૨૩/૬૩૫૨ તા.૨૦/૦૩/૨૦૨૫

**(રિ-વેલીડેશન-૧)**

**બાંધકામ વિકાસ પરવાનગી- ફોર્મ નં.-૦૭ (જુઓ નિયમ-૩.૬.૩, ૩.૭.૧, ૩.૭.૨) ફોર્મ-D**

**પ્રતિશ્રી,**

**માધવ એન્ટરપ્રાઇઝ નામની ભાગીદારી પેઢી વતી શ્રી મેહુલકુમાર વેલજીભાઇ ચૌધરી તથા અન્ય, ગાંધીનગર**

**વિષય:** બાંધકામ વિકાસ પરવાનગીમાં રી-વેલીડેશન કરવા બાબત.

| | | | | | |
|---|---|---|---|---|---|
| જિલ્લો: | GANDHINAGAR | તાલુકો: | GANDHINAGAR | ગામ: | ZUNDAL |
| ડ્રાફ્ટ ન.ર.યો. નં. | 80 (SUGHAD-BHAT) | રે. સર્વે નં. | 262/P/1 (Old-111/P) | મુળખંડ નં. | 07 |
| અંતિમ ખંડ નં. | 07 | સબ પ્લોટ નં. | --- | ક્ષેત્રફળ(ચો.મી.) | 1059.00 |
| બાંધકામ ઉપયોગ: | RESIDENTIAL+COMMERCIAL (RAH) | | | | |

વિષયોક્ત જમીન સબબ બાંધકામ વિકાસ પરવાનગી અન્વયેની તા.૦૪/૦૩/૨૦૨૫ ની નમૂના ફોર્મ નં.-૦૫ વાળી વિકાસ પરવાનગીની અરજી સબંધે જણાવવાનું કે, અરજી સહ રજુ આધારો અને બિડાણમાં સામેલ સુચિત આયોજનના નકશાઓ નજરે સદરહુ જમીન પર વિકાસ અર્થે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સં ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ નંબર ૨૭)ની કલમ-૨૯(૧)(૧)/ ૨૯(૧)(૨)/ ૨૯(૧)(૩), ૩૪, ૪૯(૧)(ખ) હેઠળ નીચેના કોષ્ટકની વિગતે અને શરતોને આધિન વિકાસ પરવાનગી આપવામાં આવે છે.

| | ફ્લોર | બાંધકામ (બિલ્ટઅપ)નું ઉપયોગી ક્ષે.(ચો.મી.) | બાંધકામનો ઉપયોગ | એકમની સંખ્યા | રીમાર્ક્સ |
|---|---|---|---|---|---|
| 1 | BASEMENT | 708.80 | PARKING | --- | - BLOCK= A<br>- PERMISSIBLE BASE F.S.I. = 1906.20 SQ.MT.<br>- UTILIZED CHARGEBLE F.S.I. = 837.33 SQ.MT.<br>- TOTAL UTILIZED FSI = 2743.53 SQ.MT. |
| 2 | GR. FLOOR (H.P.) | 335.44 | PARKING | --- | |
| 3 | GR. FLOOR (S.P.) | 228.01 | COMMERCIAL | 06 | |
| 4 | 1ST FLOOR | 424.61 | RESIDENTIAL | 04 | |
| 5 | 2ND FLOOR | 424.61 | RESIDENTIAL | 04 | |
| 6 | 3RD FLOOR | 424.61 | RESIDENTIAL | 04 | |
| 7 | 4TH FLOOR | 424.61 | RESIDENTIAL | 04 | |
| 8 | 5TH FLOOR | 424.61 | RESIDENTIAL | 04 | |
| 9 | 6TH FLOOR | 424.61 | RESIDENTIAL | 04 | |
| 10 | 7TH FLOOR | 424.61 | RESIDENTIAL | 04 | |
| 11 | STAIR CABIN | 48.66 | --- | --- | |
| 12 | LMR + O.H.W.T. | 15.77 | --- | --- | - COMMERCIAL UNITS :- 06 |
| | TOTAL | 4308.95 | COMMERCIAL + RESIDENTIAL | 06(C) + 28(R) =34(R+C) | - RESIDENTIAL UNITS :- 28<br>- TOTAL UNITS :- 34 |

Vaghela

(જી.સી.વાઘેલા)

જુનિયર ટાઉન પ્લાનર

ગાંધીનગર મહાનગરપાલિકા

ગાંધીનગર

➢ **Conditions/ Remarks:-**

1) વિષયોક્ત જમીન/ મૂળખંડ કે અંતિમખંડ સબબ રાજ્ય સરકારશ્રી દ્વારા જે ફેરફાર કરવામાં આવે તે તેમજ પુનરાવર્તીત વિકાસ નકશાની દરખાસ્ત સંબંધિત વખતો-વખત સરકારશ્રી કે મહાનગરપાલિકા કે સક્ષમ સત્તાધિકારી દ્વારા લેવામાં આવેલ/આવનાર તમામ નિર્ણયો અરજદાર/ જમીન માલીક/ કબજેદાર/ લાગતા વળગતા તમામને બંધનકર્તા રહેશે.

2) આથી વિષયોક્ત જમીન/મૂળખંડ કે અંતિમખંડ કે તેના પરના વિકાસ કે જમીનના કે વિકાસના ઉપયોગ સબબ માલિકી કે ભોગવટા કે અન્ય કોઈપણ પ્રકારના ખાનગી હક્કો અંગે મહાનગરપાલિકાની કોઈ જ જવાબદારી ઘડી શકાશે નહીં. ફાળવવામાં જમીનની હદ, માપ, ક્ષેત્રફળ, આકાર, સ્થાન વગેરે સરકાર કે સક્ષમ સત્તાધિકારી દ્વારા ફેરફારને પાત્ર રહેશે. આ પરવાનગી જે અંતિમ ખંડ કે તેના ભાગ પર મેળવવામાં આવેલ છે તેમાં ભળતાં મૂળખંડોની તે અંતિમખંડમાં જતી જમીન સિવાયની જમીન ટી.પી. અમલીકરણ માટે મહાનગરપાલિકાએ એકતરફે પ્રાપ્ત થાય છે. વખતો વખત સરકાર કે મહાનગરપાલિકા કે સક્ષમ સત્તાધિકારી તરફથી વિકાસ માટેના નિયમો તથા જાહેરાત કરાય તે તમામ બાબત માલિક કે કબ્જેદાર ને બંધનકર્તા રહેશે.

3) બાંધકામ તથા અન્ય બાબતો સી.જી.ડી.સી.આર સાથે સુસંગત નહીં હોય કે ખોટી રજુઆત અથવા ખોટા દસ્તાવેજી પૂરાવા રજુ કરેલ હશે તો પરવાનગી આપોઆપ રદ્દ થયેલ ગણાશે.

4) કોઈપણ સંજોગોમાં સદરહુ પરવાનગી મુજબના હેતુ માટે બિનખેતીની સદરહુ જમીનનો ઉપયોગ કરવા માટેની સક્ષમ સત્તાધિકારીશ્રીની વેલીડ પરવાનગી (હેતુફેર કે બિનખેતી હુકમ) મેળવ્યા બાદ જ ચાલુ કરી શકાશે. સદરહુ પરવાનગી મુજબના હેતુ માટે બિનખેતીની સદરહુ જમીનનો ઉપયોગકરવા માટેની સક્ષમ સત્તાધિકારીશ્રીની વેલીડ પરવાનગી (હેતુફેર કે બિનખેતી હુકમ) મેળવી લેવાની રહેશે અને કોઈ ફેરફાર હોય કે અન્યથા સદર હેતુફેર હુકમ/ બિનખેતી કે તે સબંધિત અન્ય પરવાનગીની નકલ અત્રેની કચેરીએ બાંધકામ ચાલુ કરતાં પહેલા 'ફોર્મ-10 Notice for Commencement of Construction' સાથે અચુક રજૂ કરવાનું રહેશે. ત્યારબાદ જ સવાલવાળી જમીન પર બાંધકામ ચાલુ કરી શકાશે. જે હુકમો/ પરવાનગીની તમામ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે તથા તે શરતોનું પાલન કરાવવા માટે સબંધિત સક્ષમ સત્તાધિકારીની કાર્યવાહીને આ પરવાનગીથી અવળી અસર પહોંચશે નહીં.

5) આ વિકાસ પરવાનગીથી સી.જી.ડી.સી.આર.-૨૦૧૭ નાં વિનમય નં. ૨૦ મુજબ તેમજ અન્ય લાગુ પડતા કાયદા/ નિયમો અન્વયેની પરવાનગીઓ મળતી નથી. વિકાસ પરવાનગી મેળવ્યા બાદ સ્થળ ઉપર વિકાસ શરૂ કરવાની જાણ સાત દિવસ પહેલા ફોર્મ નં. ૧૦ ભરી રજુ કરવાનું રહેશે તથા અન્ય વિગતો સી.જી.ડી.સી.આર.-૨૦૧૭ નાં વિનમય નં. ૫.૫.૧ મુજબ નિયમોનુસાર રજુ કરવાની રહેશે.

6) બાંધકામના નીચેનાં દરેક તબક્કે ફોર્મ નં.૧૧ માં દર્શાવ્યા મુજબનું પ્રોગ્રેસ સર્ટિફિકેટ રજુ કરવાનું રહેશે અને મહાનગરપાલિકા તરફથી પરવાનગી મેળવ્યા બાદ જ આગળ નાં તબક્કાનું બાંધકામ શરૂ કરવાનું રહેશે. ૧) પ્લીન્થ અથવા ભોંયરાનું બાંધકામ હોય તો ભોંયરા ઉપરનો સ્લેબ ભરવામાં આવે તે પહેલા. ૨) પ્રથમ માળનાં સ્લેબ ભરવામાં આવે તે વખતે. ૩) વચ્ચે (મિડલ)ના માળના સ્લેબ ભરવામાં આવે તે વખતે. ૪) છેલ્લા માળનાં સ્લેબ ભરવામાં આવે તે વખતે.

7) સેપ્ટિક ટેંક તથા સોકવેલની સાઈઝ તથા સંખ્યા, નેસનલ બિલ્ડીંગ કોડ (આઈ.એસ.૨૪૭૦) તથા સિવિલ એન્જીનીયરીંગ હેન્ડબૂક (બાય ખન્ના) મુજબ ડ્રેનેજ લે આઉટમાં દર્શાવવાનાં રહેશે. તે અનુસારની જોગવાઈ કરવાની જવાબદારી આર્કિટેક્ટ/ઇજનેર/સ્ટ્રક્ચર એન્જીનીયર/ ક્લાર્ક ઓફવર્કસ/સાઈટ સુપરવાઈઝર/પ્લાન મેકર/સર્વેયર/ડેવલોપર/જમીન માલિકની રહેશે. સી.જી.ડી.સી.આર.-૨૦૧૭ ની જોગવાઈ તથા સરકારશ્રીનાં તા.૨૯/૦૫/૨૦૦૧નાં સ્ટ્રક્ચર સેફ્ટી અંગેના હુકમનાં વિનિમય નં.૩ અનુસાર બાંધકામનાં સ્થળની જરૂરિયાતોની જોગવાઈનું પાલન થયેથી જ સ્થળ ઉપર બાંધકામ શરુ કરવાનું રહેશે.

8) વિકાસ પરવાનગી પત્ર તથા મંજુર નકશાઓનો એક સેટ સાઈટ ઉપર પ્રસિદ્ધ કરવાનો રહેશે. બાંધકામ પૂર્ણ થયા બાદ બાંધકામનો ઉપયોગ શરૂ કરતાં પહેલા નિયમનુસાર બાંધકામનાં વપરાશ અંગેની પરવાનગી મેળવ્યા બાદ જ વપરાશ શરૂ કરવાનો રહેશે. વિકાસ પરવાનગી પત્રમાં દર્શાવેલ શરતોમાંથી કોઈપણ શરતનો ભંગ કરવામાં આવશે તો મહાનગરપાલિકા તે શરતોનો અમલ જવાબદાર ઇસમના/ સંસ્થાના ખર્ચે અને જોખમે કરાવી શકશે અને મહાનગરપાલિકા તેવા કૃત્યોને લીધે નુકશાન કે હરકત થાય તે બદલ કોઈ પણ વળતર કે બદલો મળશે નહીં.

9) આ વિકાસ પરવાનગીથી ખાનગી હક્કો અંગે મહાનગરપાલિકાની કોઈ જવાબદારી રહેતી નથી. મુસદ્દારૂપ નગર રચના યોજનામાં ફાળવવામાં આવેલ અંતિમખંડની હદ, માપ, ક્ષેત્રફળ, તથા ટાઉન પ્લાનીંગ ઓફિસરશ્રી દ્વારા ફેરફારને પાત્ર છે. પ્રવર્તમાન સી.જી.ડી.સી.આર. નાં વિનિમયો અન્વયે જરૂરી વૃક્ષારોપણ અને તેની જાણવાની અરજદારે જાતે કરવાની રહેશે. વખતો વખત વિસ્તાર વિકાસ મહાનગરપાલિકા તરફથી વિકાસ માટેના નિયમો તથા જાહેરાત કરાય તે જમીન માલિક. હિત સંબંધ ધરાવતી વ્યક્તિ/સંસ્થા તેમજ અરજદારને બંધનકર્તા રહેશે.

10) પ્રવર્તમાન સી.જી.ડી.સી.આર.ના વિનિયમ ૩.૯.૨ મુજબ કે અન્યથા આ પરવાનગીથી ૧) બિલ્ડીંગ યુનિટ/ જમીન/ બાંધકામ/ વિકાસ કે વપરાશ હક્કનાં ટાઈટલ, માલિકી અને ઈઝમેન્ટ અધિકારો, ૨) બાંધકામ/ વિકાસની વર્કમેનશીપ, બાંધકામ/ વિકાસનાં માલ-સામાન-સામગ્રીની ગુણવત્તા અને બાંધકામ/ વિકાસની સ્ટ્રકચરલ સેફ્ટી, ૩) રેકર્ડ પર રહેલ બિલ્ડીંગ યુનિટનાં ક્ષેત્રફળમાં આવતા તફાવત, ૪) બિલ્ડીંગ યુનિટનાં લોકેશન અને હદો, ૫) વપરાશકર્તાઓ કે વપરાશને કારણે અસર પામતાં ઈસમોની સલામતી, ૬) ઉચિત

મહાનગરપાલિકાનાં નાં–વાંધા પ્રમાણપત્રો અને ૭) સ્ટ્રકચરલ રીપોર્ટ અને સ્ટ્રકચરલ ડ્રોઇંગ્સ કે સોગંધનામાઓ કે એકરારનામાઓ કે અન્ય કચેરીના રેકર્ડ અંગેની ખરાઈ, પુષ્ટિ, મંજૂરી, સમર્થન ને સ્વીકૃતિ મળતી નથી તથા મહાનગરપાલિકા આ અંગે કોઈ રીતે જવાબદાર રહેતી નથી કે તે મહાનગરપાલિકાને બંધનકર્તા રહેતું નથી. માલિકી રેવન્યુ રેકર્ડ કે સક્ષમ કોર્ટ/ સત્તાધિકારીના હુકમ મુજબ આખરી ગણાશે. સદરહુ મિલ્કત અન્વયે કોઈ વાદ વિવાદ કે કોર્ટ કેશ હોય તો તેના નિર્ણય ને આધીન રહેશે.

11) પ્રર્વતમાન નિયમાનુસાર અને/ અથવા પરવાનગીમાં દર્શાવ્યા મુજબ બિલ્ડીંગ યુનીટ માટે જરૂરી તેવો અથવા જરૂર જણાયે મહાનગરપાલિકા કે સક્ષમ સત્તાધિકારી જણાવે તે મુજબની પહોળાઈ, આકાર, સ્થાન, માપ વગેરે જેવા સ્પેસીફીકેશન વાળો ખાનગી હકકોને નુકશાન ન થાય તેમ યોગ્ય તે અધિકૃત અકસેસ/પ્રવેશ વગેરે મેળવી લેવાની સઘળી જવાબદારી સ્વખર્ચે જમીન માલીક/અરજદાર/કબ્જેદાર/લાગતા વળગતા તમામની રહેશે. જે એક્સેસ/રસ્તાનું જરૂરી નિયમન કરવાનું રહેશે. જરૂર પડ્યે તેના નિયમન માટે મહાનગરપાલિકા કે સક્ષમ સત્તાધિકારીને પૂર્ણ સાથ સહકાર સ્વખર્ચે આપવાનો રહેશે.

12) સદર વિકાસ પરવાનગી અંગે જમીન માલિકીમાં ફેરફાર થાય અથવા આ પરવાનગી સાથે સંકળાયેલ રજીસ્ટ્રેશન ધરાવતી કોઈ વ્યક્તિ બદલાય તો નવા માલિકી અંગેના પુરાવા રજુ કરે ત્યાં સુધી અને/ અથવા રજીસ્ટ્રેશન ધરાવતી કોઈ નવી વ્યક્તિની નિમણુંક ન થાય ત્યાં સુધી સી.જી.ડી.સી.આર.–૨૦૧૭ નાં વિનિમય ૪.૫ મુજબ વિકાસ પરવાનગી નિલંબિત ગણાશે. સદરહુ સમય દરમિયાન થયેલ બાંધકામ બિન–અધિકૃત ગણાશે.

13) સરકારશ્રીનાં તા.૨૯/૦૫/૨૦૦૧ નાં સ્ટ્રકચરલ સેફ્ટી અંગેના એનેક્ષર XI નાં વિનિમય ૧૩,૧૪,૧૫ ની જોગવાઈ અનુસાર ભૂકંપ અંગેની સુરક્ષા, ચક્રવાત અંગેની સુરક્ષા, બાંધકામ તથા બાંધકામમાં વપરાતા ઈમારતી માલ સામાનની ગુણવત્તા અને તેની ચકાસણી, બાંધકામની સ્થિરતા તથા આગ અંગેની સલામતી તેમજ અન્ય ભયજનક બાબતો અંગે નિષ્ણાતોની સલાહ સુચન મુજબ પગલા લેવાની તમામ જવાબદારી આર્કિટેક્ટ/ઇજનેર/સ્ટ્રક્ચર એન્જીનીયર/કલાર્ક ઓફ વર્કસ/સાઈટ સુપરવાઈઝર /પ્લાન મેકર/સર્વેયર/ડેવલોપર/જમીન માલિકની રહેશે.

14) આ વિકાસ પરવાનગી પત્ર મંજુરી આપ્યા તારીખ થી ૧૨ માસ સુધી જ અમલમાં રહેશે. ત્યારબાદ આનુસંગિક જોગવાઈઓ તળે વિકાસ પરવાનગી ની મુદત વધારવાની મંજુરી મેળવી લેવાની રહેશે. ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ –૧૯૭૬ ની કલમ –૩૩ મુજબ સત્તામંડળે આપેલ પરવાનગીમાં ફેરફાર કરી શકાશે અથવા વિકાસ પરવાનગી રદ કરી શકાશે. સી.જી.ડી.સી.આર. –૨૦૧૭ નાં વિનિમય ૪.૬ મુજબ અરજદારશ્રીએ ખોટી રજુઆત અથવા ખોટા દસ્તાવેજી પુરાવા રજુ કરેલ હશે તો આપેલ વિકાસ પરવાનગી આપો આપ રદ ગણાશે.

15) ટી.પી.સ્કીમમાં અંતિમખંડ નીચે "જો જૂની ગટર લાઈન તથા પાણીની લાઈન પસાર થતી હોય તો "જૂની લાઈનો દુર થયા બાદ જ નવું બાંધકામ શરૂ કરવાનું રહેશે. વરસાદી કુદરતી પાણીના વહેણને, અવરોધ ન થાય અને તેનો યોગ્ય રીતે અને સરળતાથી નિકાલ થાય તેવી જરૂરી વ્યવસ્થા જાળવવાની રહેશે. વરસાદી જળ સંગ્રહ અંગેની ફરજીયાત વ્યવસ્થા કરવાની રહેશે. અન્યથા બાંધકામ પરવાનગી રદ કરવામાં આવશે. બોરવેલ / ટ્યુબવેલ બાબતે નામદારશ્રી સુપ્રીમકોર્ટ ની ગાઈડલાઈન મુજબ કાર્યવાહી કરવાની રહેશે. પ્રવર્તમાન સી.જી.ડી.સી.આર. મુજબ વોટર રીચાર્જીંગ કૂવા અંગેનું આયોજન અને વિકાસ કરવાનો રહેશે અને તે બાબત કરેલ બાહેંધરીનું પાલન કરવાનું રહેશે.

16) ડી.પી.રોડ/ ટી.પી. રોર્ડ/ મહાનગરપાલિકા કે સક્ષમ સત્તાધિકારી દ્વારા મુકરર કરેલ રસ્તા ખુલ્લા રાખવાના રહેશે. પ્રવર્તમાન ફાયર પ્રિવેન્સન એન્ડ લાઈફ સેફ્ટી રેગ્યુલેશન મુજબની લાગુ પડતી તમામ જોગવાઈઓનો અમલ કરવાનો રહેશે. રજુ કરેલ પ્લાનમાં સી.જી.ડી.સી.આર.–૨૦૧૭ મુજબ સેટબેકમાં છોડેલ જગ્યા રસ્તા તરીકે ખુલ્લી રાખવાની રહેશે. સરકારશ્રી નાં તા.૨૯/૧૦/૨૦૧૦ વાળા પરિપત્ર મુજબ સવાલવાળી મિલ્કત ઉપર ગુજરતી ભાષામાં મોટું બોર્ડ મુકવાનું રહેશે. શ.વિ. અને શ.ગૃ.નિ. વિભાગ, ગાંધીનગરનાં તારીખ. ૦૭/૦૫/૨૦૦૨ નાં હુકમ મુજબ સોઈલ ટેસ્ટીંગ કરાવી તેને અનુરૂપ સ્ટ્રકચર ડીઝાઈન બનાવી તે મુજબ બાંધકામ કરવાનું રહેશે.

17) સી.જી.ડી.સી.આર ના વિનિયમ નં.૨૦ મુજબ તેમજ અન્ય લાગુ પડતા કાયદા/નિયમો અન્વયે પરવાનગીઓ મળતી નથી તથા સંબંધીત કચેરીના જરૂરી એન.ઓ.સી.ની શરતો બંધન કર્તા રહેશે. આ પરવાનગી મળવાથી અન્ય કાયદા કે નિયમાનુસારની કોઈ કાર્યવાહી કે અમલવારીને અવળી અસર પંહોચી શકશે નહીં. જરૂરી એન.ઓ.સી. ન મળ્યા ના કિસ્સામાં કે એન.ઓ.સી. ની શરતો કે એન.ઓ.સી. રીવોક થવાના કે તેમાં ફેરફાર થવાના કિસ્સાઓમાં મહાનગરપાલિકાને જાણ કરવાની રેહશે તથા તે કારણે અને તેના અનુસંધાને થનાર નિયામનુસારની કાર્યવાહીથી કે અન્યથા ઉપસ્થિત થતી સઘળી પરિસ્થિતિની સંપૂર્ણ જવાબદારી પરવાનગી મેળવનાર/ જમીન માલિકની તેઓના સ્વખર્ચે રહેશે.

18) આ પરવાનગી અરજદારએ માત્ર રજૂ કરેલ સાધનિક કાગળો/ સોગંધનામા વગેરેને ધ્યાને લઈ આપવામાં આવેલ છે. જેમાં કોઈપણ વિગત ખોટી અથવા અર્ધસત્ય કે ગેરમાર્ગે દોરનાર કે છેતરપિંડી વાળી હશે તો આ પરવાનગી અને તેના અનુસંધાને કરવામાં આવેલ તમામ કાર્યવાહી આપો આપ રદ થયેલ ગણાશે અને તેવી સ્થિતિમાં ઊભી થનારી સઘળી પરિસ્થિતિ અંગેની સઘળી જવાબદારી જમીન માલીક/ અરજદાર/ કબ્જેદાર/ લાગતા વળગતા તમામની રહેશે.

19) વિષયોક્ત જમીન/ મૂળખંડ કે અંતિમખંડને સ્પર્શતા કોઈ પણ નામ. કોર્ટમાં ચાલતા કે લાવવામાં આવતાં કોઇપણ પ્રકારનાં લિટીગેશનની સંપૂર્ણ જવાબદારી જમીન માલીક/ અરજદાર/ કબ્જેદાર/ લાગતા વળગતા તમામની રહેશે. તે બાબતે મહાનગરપાલિકાની કોઈ જવાબદારી રહેશે નહીં.

20) પ્રવર્તમાન અમલી અધિનિયમો, નિયમો, વિનિયમો, પેટા કાયદાઓ તથા વખતો વખત અમલી પરિપત્રોને આધિન વિકાસ પરવાનગી મેળવી લેવા અંગેની નિયમાનુસારની કાર્યવાહી કરવાની રહેશે.

21) પરવાનગીને સ્પર્શતી જમીનમાં પ્રવતમાન જમીન સંપાદન કાયદા હેઠળ સંપાદન થયેલ હોય તો જીલ્લા કલેકટરશ્રી કે સક્ષમ સત્તાધિકારીની પરવાનગી મેળવી વિકાસ/ બાંધકામ શરૂ કરવાનું રહેશે.

22) જરૂરી ફી/ ચાર્જ/ પેનલ્ટી/ કર/ શેષ કે સરકારશ્રી દ્વારા મુકરર કરવામાં આવે તેવી તમામ રકમ ભરપાઈ કરવાની રહેશે. ઓછી રકમ જમા થયેલ હશે કે સમયસર રકમ ભરપાઈ થયેલ નહી હોય કે અન્ય કોઈ કારણોસર નિયત રકમ ભરપાઈ કરવામાં ચુક રહી ગયેલ હશે કે તો તે રકમ જરૂર પડ્યે વ્યાજ/ પેનલ્ટી સહીત મહાનગરપાલિકા માલીક/ અરજદાર/ કબ્જેદાર/ લાગતા વળગતા તમામ પાસેથી વસુલી શકશે.

23) માર્જીનવાળા ભાગમાં, આંતરિક રસ્તા ઉપર અને કોમન પ્લોટમાં અંતરાયરૂપ ન થાય તે રીતે યોગ્ય સ્થળ પર પ્રવર્તમાન સી.જી.ડી.સી.આર. મુજબ અને અથવા સક્ષમ સત્તાધિકારીના નિર્દેશો મુજબ વૃક્ષો વાવવાના તથા ઉછેરવાની, તેનું નિયમન અને જાળવણી વગેરે કરવાની સઘળી જવાબદારી સ્વખર્ચે માલીક/ અરજદાર/ કબ્જેદાર/ લાગતા વળગતા તમામની રહેશે. આ અન્વયે આપેલ બાહેધરી મુજબનો અમલ કરવાનો રહેશે.

24) પ્રવર્તમાન સી.જી.ડી.સી.આર. અને અથવા મહાનગરપાલિકા દ્વારા જણાવવામાં આવે તે રીતે સોલીડ વેસ્ટ મેનેજમેન્ટની વ્યવસ્થા કરવાની રહેશે.

25) મંજુર કરેલ આયોજનમાં નિયમોનુસાર ખુલ્લી જમીનમાં ઇલેકટ્રીકલ ટ્રાન્સફોર્મર કે તેના ઈન્ફ્રાસ્ટ્રકચર માટેની જમીન અલગથી ફાળવી જે તે સુવિધા વગેરે કરવાની સઘળી જવાબદારી સ્વખર્ચે માલીક/અરજદાર/ કબ્જેદાર/લાગતા વળગતા તમામની રહેશે.

26) ફ્રન્ટ તથા રિઅર માર્જીનના લેવલમાં ગ્રાઉન્ડ લેવલના સાપેક્ષમાં કોઈ ફેરફાર કરવામાં આવે તો તે ફેરફાર માટે સ્લોપ/ રેમ્પની વ્યવસ્થા પ્લોટ બ્રાઉન્ડ્રીની હદરેખામાં જ કરવાની રહેશે જે પરત્વે મહાનગરપાલિકા દ્વારા અપવામાં આવતાં નિર્દેશોનું પાલન કરવાનું રહેશે.

27) આનુસંગિક અધિનિયમ, નિયમો, વિનિયમો વગેરેની પ્રવતમાન જોગવાઈઓ મુજબ ચીફ ફાયર ઓફિસરશ્રી કે સક્ષમ સત્તાધિકારીશ્રી ના અભિપ્રાય મુજબ ફાયર સેફટી અંગેની જોગવાઇ કરવાની રહેશે. ફાયર સેફટી અંગેનું જરૂરી "ના-વાંધા પ્રમાણપત્ર" મેળવી લેવાનું રહેશે. નેશનલ બિલ્ડીંગ કોડના ઉપલક્ષમાં ફાયર ફાઈટીંગ પ્રોવિઝન, અન્ડર ગ્રાઉન્ડ ટાંકીની જોગવાઇ વિગેરેની સંબંધિત સક્ષમ સત્તાધિકારીની એન.ઓ.સી મેળવી લેવાની રહેશે. લીફ્ટ તથા ફાયર લીફટનું આયોજન કર્યા બાદ ચીફ લીફ્ટ ઈન્સ્પેકટર કે સક્ષમ સત્તાધિકારીનું પ્રમાણપત્ર મેળવ્યા બાદ લીફ્ટ નો ઉપયોગ કરવાનો રહેશે.

28) માલીક/અરજદાર/કબ્જેદાર/લાગતા વળગતા તમામ/એન્જીનીયર/સ્ટ્રકચરલ એન્જીનીયર/ડેવલોપરએ પ્રવર્તમાન સી.જી.ડી.સી.આર. , નેશનલ બિલ્ડીંગ કોડ તથા અન્ય આનુસંગિક પ્રવતમાન અધિનિયમો, નિયમો, વિનિયમો તથા રજૂ બાહેંધરી, સ્વઘોષણાઓ વગેરેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

29) મકાન અને અન્ય બાધકામ શ્રમયોગીઓ (રોજગારીનું નિયમન અને નોકરીની શરતો) અધિનિયમ-૧૯૯૬ (the BOCW Act, ૧૯૯૬) હેઠળ દરેક માલીકે બાંધકામ પ્રવૃતિ શરૂ થવાના (૩૦) દિવસ પહેલા સદર કાયદા હેઠળના નિયત નમુના-૪માં નોટીસ મોકલી જાણ કરવી તેમજ કામકાજ શરૂ કર્યાના ૬૦ દિવસમાં જરૂરી સાઇટની નોંધણી નાયબ નિયામક, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરી, સી-બ્લોક, પાંચમો માળ, સહયોગ સંકુલ પથિક આશ્રમ પાસે, સેકટર નં.૧૧, ગાંધીનગર અથવા તેની સક્ષમ કચેરી ખાતે (www.ifp.gujarat.gov.in) કરાવી તે અંગેનું પ્રમાણપત્ર મેળવી ઉકત કચેરી ખાતે રજુ કરવાનું રહેશે.

30) રીઅલ એસ્ટેટ (રેગ્યુલેશન એંડ ડેવલપમેંટ) એક્ટ, ૨૦૧૬ ની કમલ- ૩ની જોગવાઈ મુજબ, રાજ્યમાં કોઈપણ વિકાસકાર (પ્રમોટર) રિયલ એસ્ટેટ પ્રોજેક્ટ જેવા કે, પ્લોટ, એપાર્ટમેન્ટ અથવા તેના ભાગના વેચાણ માટે જાહેરાત, માર્કેટીંગ, બુકીંગ અથવા ઓફર માટેની કર્યવાહી, રાજ્ય સરકાર દ્વારા રચાયેલ રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી અથોરીટી (રેરા)ની કચેરીમાં રજીસ્ટ્રેશન કરાવ્યા સિવાય કરી શકશે નહીં.

31) કેન્દ્રિય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા કરવામાં આવેલ હુકમ મુજબ ૨૦,૦૦૦ ચો.મી. થી વધુ બાંધકામ ક્ષેત્રફળ ધરાવતા કન્સ્ટ્રક્શન પ્રોજેક્ટોએ ડીમોલીશન દરમ્યાન ઉત્પન્ન થતા C&D વેસ્ટ તેમજ ડસ્ટના નિયંત્રણ માટે કન્સ્ટ્રક્શન સાઇટ પર એન્ટી સ્મોગ ગનની વ્યવસ્થા પ્રોપરાઈટર (ડેવલોપર/બિલ્ડર) દ્વારા રાખવાની રહેશે.

32) કેન્દ્ર સરકારના સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૧૬ મુજબ વપરાશ પરવાનગી મેળવતા પહેલાં સ્થળે સૂકા કચરા તથા ભીના કચરા ને અલગ સ્ટોર કરવા માટેનો સ્થળે આયોજન રાખવાનું રહેશે અને ભોગવટા પ્રમાણપત્ર મેળવ્યા બાદ તે મુજબની અમલવારી થવા અંગેની બાંહેધરી પણ પ્રોપરાઈટર (ડેવલપર/બિલ્ડર) દ્વારા આપવાની રહેશે. Construction debrics (કાટમાળ), C&D wasteનો નિકાલ મહાનગરપાલિકાના Designated Collection Centreમાં જ કરાવવામાં આવે તે સુનિશ્ચિત કરાવવાનું રહેશે.

૩) કોઈપણ પ્રકારના લેન્ડસ્કેપીકથી ગ્રાઉન્ડ લેવલ પર પ્રવેશ, પાર્કિંગ તથા અન્ય ભાગોમાં સી.જી.ડી.સી.આર ની જોગવાઈ મુજબની એક્સેસીબીલીટી, નિયમોનુસાર ફ્રન્ટ માર્જીનના પાર્કિંગ કે તેના નિયમનને અને પાર્કીંગના ઉપયોગ માટે મનભંગ ન થાય તેવી તકેદારી રાખવાની રહેશે.

34) ચાલુ બાંધકામની સાઈટ તે બિલ્ડીંગ યુનિટ (પ્લોટ)ની હદે સલામતી હેતુસર Barricade (પતરાની વાડ), ઉપરાંત ધુળ– રજકણોનો પ્રસાર અટકાવવા માટે બાંધકામની ઊંચાઈના સાપેક્ષમાં પર્યાપ્ત ઊંચાઈ સુધીના પડદા વિન્ડશિલ્ડ બેરીકેટીંગની વ્યવસ્થા કરાવવાની રહેશે. ચાલુ બાંધકામની સાઈટ ઉપર ઈમારતી માલસામાન કાટમાળના કારણે ધુળ રજકણો ઉડે નહી તે માટે સાઈટ તથા લુઝ મટીરીયલ યોગ્ય કપડા ઢાંકી શકાય તેવા મટીરીયલ્સ વડે વ્યવસ્થિત ઢંકિલ રાખવાના રહેશે. વાતાવરણમાં ભળી નુકશાન કરતા ડસ્ટ લુઝ મટીરીયલ્સના ઉડતા રજકણો વાળી જગ્યામાં પાણીનો છંટકાવ કરી યોગ્ય રીતે ઢાંકીને (Cover કરીને) રાખવાની વ્યવસ્થા કરાવવામાં આવે તે સુનિશ્ચત કરાવવાનુ રહેશે તથા ચાલુ બાંધકામની સાઈટ ઉપર આંતરિક અવર–જવર માટેનાં રસ્તાઓ યોગ્ય પેવીંગ કરેલા હોય તે સુનિશ્ચિત કરાવવાનું રહેશે. ખોદાણ ચાલુ હોય તેવી સાઈટો ઉપર તથા ટ્રાન્સપોર્ટેશન દરમ્યાન ટ્રક વ્હીકલના ટાયરોમાં ચોંટેલ કિચડ, માટીના કારણે રસ્તા પર કિચડ, માટીના પથરાવને કારણે ન્યુશન્સ અસ્વચ્છતા થાય નહીં તે માટેનું ખાસ ધ્યાન રાખીને યોગ્ય જોગવાઈ કરાવવાની રહેશે. જાહેર રસ્તા પરથી બાંધકામની સાઈટ પર આવન જાવન અન્વયેના બાંધકામની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ ડમ્પરો ભારખટારા સાધનો વાહનો વિગેરેના ટાયર પૈડાના ધોવાની સફાઈની પુરતી વ્યવસ્થા સ્થળે કરાવવી, તથા આવા વાહનોને કારણે મ્યુનિસિપલ રસ્તા તથા ફુટપાથ વિગેરે મ્યુનિસિપલ મિલકતને નુકશાન થાય નહી તેની તકેદારી રાખવાની રહેશે. સેલર/બેઝમેન્ટ માં પાણીનો ભરાવો (Flooding)થાય નહી અને સેલર/બેઝમેન્ટના તમામ લેવલે અસરકારક રીતે પાણી–રહીત (Dry) રહે તે મુજબ કેચ–પીટ(Catch-Pit) સહીત પુરતી ક્ષમતા સાથેનો સમ્પ–પમ્પ(Sump-Pump) કાયમી ધોરણે કરવાનું રહેશે. આ બાબતે મહાનગરપાલિકા દ્વારા અપવામાં આવતાં તમામ નિર્દેશોનું ચુસ્તપણે સમયસર પાલન કરવાનું રહેશે.

35) બાંધકામ કામગીરી સાથે સંકળાયેલા મજુરો/વર્કર માટે જરૂરી સેનીટેશન વ્યવસ્થા, હંગામી આવાસો, રાંધણ– ગેસ(એલ.પી.જી) ની વ્યવસ્થા કરાવવાની રહેશે તથા કીચન તથા સોલીડ વેસ્ટ વિગેરેનો યોગ્ય નિકાલ થાય તે મુજબનું આયોજન કરાવવાનું રહેશે.

36) બિલ્ડીંગ કન્સ્ટ્રક્શન સમયે આજુબાજુની માલ–મિલકત કે જાન–માલનું નુકશાન ન થાય તે રિતે બેઝમેન્ટ ખોદકામ વખતે પુરક શોરીંગ તથા સ્ટ્રીંગ કરવાનું રહેશે. બેઝમેન્ટના ખોદાણકામ/ બાંધકામ દરમિયાન સલામતીને ધ્યાને લઇ યોગ્ય રીતે Shoring Shuttering વિગેરે સ્થળસ્થિતિ અનુસંધાને જરૂરીયાત મુજબની કાર્યવાહી કરાવવામાં આવે તેની તકેદારી રાખવાની રહેશે. જે સલામતીના પગલાં લેવાની ચૂક સબબ ઉપસ્થિત તહ્તી કે ઊભી થનારી સઘળી પરિસ્થિતિ અંગેની સઘળી જવાબદારી સ્વખર્ચે જમીન માલીક/ અરજદાર/ કબ્જેદાર/ લાગતા વળગતા તમામની રહેશે. Excavated Earth Topsilની ઉપયોગ મહદ્અંશે પ્લોટમાં Garden, Horticulture, landscape) માં થાય તે સુનિશ્ચિત કરાવવાનું રહેશે.

37) બાંધકામ દરમ્યાન તેમજ ત્યાર બાદ સંબંધિત Act, Rules, Regulations, I.S Code વિગેરેની જોગવાઈઓ તેમજ સક્ષમસત્તા દ્વારા વખતો–વખત આપવામાં આવતા સૂચનો/ગાઈડ લાઈન/હુકમો નું કાયમી ધોરણે પાલન કરવાનું રહેશે. જે તમામ સ્વખર્ચે માલીક/ અરજદાર/કબ્જેદાર/લાગતા વળગતા તમામની રહેશે.

38) બાંધકામનું થર્ડ પાર્ટી ઈન્સપેક્શન સરકારશ્રી/અમદાવાદ/ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા અધિકૃત કરાયેલ એજન્સી સંસ્થા પાસે કરાવવાનું રહેશે. બાંધકામ દરમ્યાન સ્ટ્રકચરલ ડિટેઈલને સ્ટ્રકચરલ એક્ષપર્ટ દ્વારા વિગતો ચકાસણી/Review કરાવવાની રહેશે તેમજ બાંધકામની ગુણવત્તા તથા સલામતી સંદર્ભે બાંધકામ દરમ્યાન સંપુર્ણ તકેદારી રાખવાની રહેશે.

39) સ્ટ્રકચરલ સમિતિ અને સક્ષમ સત્તાધિકારી દ્વારા આપવામાં આવેલ તથા વખતો–વખત આપવામાં આવતાં સુચનો/ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

40) SRP (સ્લમરિહેબીલીટેશન પ્રોજેક્ટ)ના મકાનોની બી.યુ. મેળવ્યા બાદ જ સદર ટી.ડી.આર અંતર્ગતનું સૂચિત બાંધકામ શરૂ કરી શકાશે તથા સદર સૂચિત બાંધકામ શરૂ કરતાં પહેલા અત્રેની કચેરીને જાણ કરવાની રહેશે. જે મુજબ રજૂ કરેલ બાંહેધરીને આધિન સદર વિકાસ પરવાનગી આપવામાં આવે છે.

41) વપરાશ શરૂ કરતાં પહેલા ફાયર વિભાગ ની એન.ઓ.સી. અરજદારશ્રી એ જાતે મેળવી લેવાની રહેશે.

42) સદર અંતિમખંડ અને અથવા બિલ્ડીંગ યુનિટમાં CGDCRની જોગવાઈ મુજબ Transit Oriented Zone તથા હાયડેન્સીટી ડેવલોપમેન્ટ ઝોનમાં ડેવલોપમેન્ટની પરવાનગી અત્રેની મહાનગરપાલિકા દ્વારા ભવિષ્યમાં લોકલ એરિયા પ્લાન તૈયાર કરતી વખતે જાહેર ઉપયોગ માટે ગ્રાઉન્ડ લેવલે ફ્રન્ટ માર્જિનમાં છોડવાનો થતો રોડથી પ્લોટમાં ૪.૫૦ મીટરની જગ્યા ખુલ્લી રાખવાની રહેશે. તથા મહાનગરપાલિકા દ્વારા માગવામાં આવે ત્યારે આ જમીન વિના વળતરે અત્રેને હસ્તક આપવાની રહેશે.

**43)** ઉક્ત તમામ રીમાર્ક્સ/ શરતો પૈકી કોઈપણ શરતોનો ભંગ કરવામાં આવશે તો ગાંધીનગર મહાનગરપાલિકા તે શરતોનો અમલ જવાબદાર ઈસમોના/સંસ્થાના ખર્ચે અને જોખમે કરાવી શકાશે અને ગાંધીનગર મહાનગરપાલિકાના તેવા કૃત્યને લીધે જે નુકશાન/ખોટ કે હરકત થાય તેબદલ કોઈપણ વળતર કે બદલો મળશે નહીં.

**44)** સદર બાંધકામ પ્રકરણ અંગે અગાઉ અત્રેની કચેરી દ્વારા તા.૨૬/૧૦/૨૦૨૩ના રોજ વિકાસ પરવાનગી આપવામાં આવેલ હતી. જે તે આથી રીવેલીડેટ કરતાં વિકાસ પરવાનગી તા.૨૫/૧૦/૨૦૨૫ સુધી વેલીડ ગણવાની રહેશે. તથા મુળ વિકાસ પરવાનગીની વેલીડીટી સિવાયની તમામ વિગતો યથાવત ગણવાની રહેશે.

**45)** જેથી હવે પછીની વિકાસ પરવાનગીના પ્રમાણપત્રની મુદ્દત સદર રિ–વેલીડેશન અર્થે આપવામાં આવેલ વિકાસ પરવાનગીના પ્રમાણપત્ર ઈશ્યુ થયેલ તારીખથી એક વર્ષ સુધી વેલીડ રહેશે.

**46)** ઉક્ત તમામ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. શરતનો ભંગ થયેથી સદર વિકાસ પરવાનગી રદ થયેલ ગણાશે.

**47)** સદર વિકાસ પરવાનગીમાં કોઈ ડ્રાફ્ટીંગ એરર રહી જવા પામેલ હશે તો તે સુધારાપાત્ર રહેશે.

(જી.સી.વાઘેલા)
જુનિયર ટાઉન પ્લાનર
ગાંધીનગર મહાનગરપાલિકા
ગાંધીનગર

**નકલ સવિનય રવાના:–**

**(૧)** નગર રચના અધિકારીશ્રી,
ઓફિસ નં.૨૭ થી ૩૦, બીજો માળ, હિમાલય બિઝનેસ સેન્ટર, સુભાષબ્રિજ, આર.ટી.ઓ. સર્કલ અમદાવાદ. **(By RPAD)**

**(૨)** મેમ્બરશ્રી,
ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી(રેરા), ચોથો માળ, સહયોગ સંકુલ, સેક્ટર–૧૧, ગાંધીનગર. **(By RPAD)**

**(૩)** સીટી સર્વે સુપ્રિન્ટેન્ટશ્રી,
સીટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટની કચેરી, ત્રીજો માળ, સી–વીંગ, સહયોગ સંકુલ, સેક્ટર–૧૧, ગાંધીનગર. **(By RPAD)**

ગાંધીનગર મહાનગરપાલિકા
GANDHINAGAR MUNICIPAL CORPORATION